# આકાશે અક્ષર

–પ્રજ્ઞા દીપક વશી

**.1.**

અકારણ સકારણ મળીએ, ચલોને !
ભીતરથી ભીતરમાં સરીએ, ચલોને !

અલગતાની ખારાશ કળીએ, ચલોને !
નદી થૈ ને દરીયે ભળીએ, ચલોને !

દીવાનાપણાની બધી હદ વટાવી,
પતંગા બનીને, પ્રજળીએ, ચલોને !

બને એષણાનું નરક જો હયાતી,
એ રસ્તેથી પાછા વળીએ, ચલોને !

નથી કોઈ ઈચ્છા પ્રસીદ્ધીના ફળની,
દટાવા સમુળા તળીયે, ચલોને !

ઉગીશું પ્રભાતે એ આશા લઈને,
ક્ષીતીજે ફરીથી ઢળીએ, ચલોને !

ચકાસીને મારગની મુશ્કેલી સર્વે,
જીવનની ઉંચાઈ રળીએ, ચલોને !

સનમ આંખનું પ્રેમ મોતી થવાને,
બની સ્વાતીનું જળ, ફળીએ ચલોને !

અજાણી ગલી પણ થશે જાણીતી તો,
ફરી ભુલથી ત્યાં, વળીએ ચલોને !

## .2.

ગુપ્ત પણ જાહેરમાં વંચાય છે,
ડાયરીમાં જીન્દગી અંકાય છે ?

જે નીહાળી પાંપણો હરખાય છે,
રુપ નક્કી આયને શરમાય છે.

કેમ હું પહોંચી નથી મારા સુધી ?
‘હું’ની આડે ‘હું’ જ આવી જાય છે.

જે કથન મારું હતું તે રાખ સમ,
તેં કહ્યું એ લાખનું વેચાય છે.

હસ્તરેખાને સમર્પીત થાઉં પણ,
ભાગ્યનાં ફળ ક્યાં કદી બદલાય છે ?

હું લખું કે તું લખે શો ફેર છે ?!
હોય રેશમ શી ગઝલ પંકાય છે !!

એષણાઓ કેમ છુટી ના શકી ?!
કેમ સીતાનું હરણ થઈ જાય છે !!

## .3.

પ્રેમને વીસ્તારવાનું સ્હેજ પણ સ્હેલું નથી,
ને ઘૃણાને નાથવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

પ્રશ્ન ઉભો એક મારો જ્યાં હવે અસ્તીત્વનો,
ત્યાં તને આકારવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

દુશ્મનોની ભીડમાં એક દોસ્તને જોયા પછી,
દોસ્તી નીભાવવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

ભીતરે ડુમો છુપાવી ક્યાં સુધી હસશું ભલાં ?
રોતી આંખે બોલવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

આંગળી પકડી ઉછેર્યાં ને સીચ્યું જળ પ્રેમનું,
મુળ એ ઉખેડવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

ક્યાં છે અઘરું ન્યાય કરવું આંખે પાટા બાંધીને ?
જુલ્મને સ્હેતા જવાનું સ્હેજ પણ સ્હેલું નથી.

**.4.**

નથી જન્મોથી સુતી શ્વાસની સડકો, મજા ક્યાં છે ?
હજી સંવેદના સ્ફોટક, નહીં અડકો, મજા ક્યાં છે ?

ઉથલપાથલ કરી ક્યાં છે અમે કૈં પ્રેમ નફરતની,
પછી શ્વાસો કરે છે કેમનો ઝઘડો, મજા ક્યાં છે ?

તળેટીમાં ઉભી છું સ્વપ્ન જોતી પ્હાડનું હું પણ,
મને મારાથી કાઢી બ્હાર જૈ ખડકો, મજા ક્યાં છે ?

ધુમાતું કેટલાં દી'થી અહીં ભીતર ને સળગે નહીં,
મેં મારે હાથ ત્યાં ચાંપી દીધો ભડકો, મજા ક્યાં છે ?

સમય સાથે સમયનું એક ઇંડું સેવવું પણ ત્યાં,
નહીં ગરમાઈ શ્વાસો કે લગે થડકો, મજા ક્યાં છે ?

છે કેવો મંચ કે જ્યાં દેવ, દાનવ એક મ્હોરામાં,
પડે ઓળખ ખરી ત્યાં તો, પડે પડદો, મજા ક્યાં છે ?

હજી હરણીની આંખે માંડ ફુટ્યું દુન્યવી ઝાકળ,
બની હેવાન લુંટે આસુરી તડકો, મજા ક્યાં છે ?

વીરાસતમાં મળી મુજ શ્વાસને શ્વસવા નરી આંધી,
હવે વરસાદ શું કે સુર્યનો તડકો, મજા ક્યાં છે ?

## .5.

હું મને ભાળું પછીની વાત છે,
'સ્વ'ને ઓગાળું પછીની વાત છે.

ઉત્તરો મળશે એ પ્હેલાં પ્રશ્નમાં–
જાતને ઢાળું પછીની વાત છે.

સાત જન્મોની સફર સ્વીકારવા,
પ્રેમ વાગોળું પછીની વાત છે.

સગપણોની રીક્તતાને પુરવા,
યાદ ઢંઢોળું પછીની વાત છે.

હું નથી રાધા છતાંયે કૃષ્ણને
ભીતરે ભાળું પછીની વાત છે.

બોલવા અવસર મળે ને તે છતાં,
હોઠને તાળું....પછીની વાત છે.

હીમશીલા જેવું રાખું ધ્યેય પણ,
આગ પંપાળું પછીની વાત છે.

## .6.

વીતી ક્ષણ હેલે ચડે વરસાદમાં,
ભીનું ભીતર સાંપડે વરસાદમાં.

વીજળી પણ તાકડે વરસાદમાં,
યાદનાં ફોરાં પડે વરસાદમાં.

બેને માથે એક છત્રી હોય ત્યાં,
ચાર આંખો આથડે વરસાદમાં.

વીજ જેવી જ્યાં ગતી તુજ યાદની,
ભીતરે ચીરો પડે વરસાદમાં.

ઝાપટાં પર ઝાપટાં પર ઝાપટાં,
પુછ ના શું ચાકડે વરસાદમાં.

સાંજને નક્કી પ્રતીક્ષા કોઈની,
થાકી, બેઠી બાંકડે વરસાદમાં.

આવવા અણસાર તું કરતી પછી,
શ્વાસ ધબકે આંકડે વરસાદમાં.

ઝરમરે જ્યાં મૌન હૈયે બેઉનાં,
બોલ પાછાં ત્યાં પડે વરસાદમાં.

દુર દેશે તું સજાવે ડાળ પણ,
મુળ એના અહીં જડે વરસાદમાં.

## .7.

વરસતી સાંજ, વ્હેતી ક્ષણ અને હું બસ, તમે ક્યાં છો ?
ભીતર છે આગ એવી કે બનું વીવશ, તમે ક્યાં છો ?

હજી તો આગને લાગ્યો નથી વેરી પવનનો સાથ,
છતાં શેં યાદનો ભડકો બને બેબશ, તમે ક્યાં છો ?

વીરહની યાદ રુપે એક કોયલ જ્યાં ટહુકે ત્યાં,
પડે વૈશાખનાં પગરવ ને હું નીરસ, તમે ક્યાં છો ?

પ્રવાસી પ્રેમની છું ને છે યાદી કૈં મુકામોની,
સફર ટુંકાવવાનું પણ કરું સાહસ, તમે ક્યાં છો ?

ધીરે ધીરે થતી ચાલી અહલ્યા રાહ જોતી હું,
જીવે સંવેદના સ્પર્શો બની પારસ, તમે ક્યાં છો ?

મને વરસાદ ગમતો એનો મતલબ એ થયો, પ્રીયે !
ભીંજે તું ત્યાં બનીને પ્રેમરત સારસ, તમે ક્યાં છો ?

## .8.

હું મારી જાત સામે જાતને ધરવા વીચારું છું,
બધાં પ્રશ્નોને એ રીતે જ હલ કરવાં વીચારું છું.

ભલેને એક ક્ષણમાં નેટ પર જોડાઈ છે દુનીયા,
હું મારી જાતને ધીરેથી સર્ચ કરવા વીચારું છું.

બચી કોડી, લખોટી ને બચ્ચાં છીપલાં હથેળીમાં,
મુકી ખીસ્સે હું શૈશવ ઘર તરફ ફરવા વીચારું છું.

સપાટી પર વહી સંવેદના એથી બધાં ડુબ્યાં,
જગત હું ભાઈચારા, પ્રેમથી તરવા વીચારું છું.

અસલ શું છે નકલ શું ને હકીકત શું કે આભાસી,
સમજને શાંત કીનારે હું ઉતરવા વીચારું છું.

બીજાએ જે દીધાં છોડી શીખર એ ધ્યેયના આંજી,
વીફળ સપનાંને ચાહી હું જગત રચવા વીચારું છું.

– પ્રજ્ઞા દીપક વશી –

સંપર્કઃ A/2, સીલ્વર પામ એપાર્ટમેન્ટ, ‘રીલાયન્સ ફેશન’ની ઉપર, કદમપલ્લી સોસાયટી, નાનપુરા, સુરત–**395 001**, મોબાઈલ.– **92283 31151,**

E–Mail: pdvashi@gmail.com અને dbvashi@yahoo.com

સર્જનઃ **‘સ્પંદનવન’** (ગઝલ સંગ્રહ), **પ્રકાશન વર્ષઃ** 2002, **‘આકાશે અક્ષર’** (ગઝલ સંગ્રહ), **‘શ્વાસ સજાવી બેઠા’** (ગીત , અછાંદસ સંગ્રહ), **‘પીકનીક પર્વ’** (બાળગીત), ત્રણેયનું **પ્રકાશન વર્ષઃ** 2008, દરેકનું **મુલ્યઃ રુપીયા– 100. પ્રકાશકઃ ‘ધ્વની’ પ્રકાશન,** A/2, સીલ્વર પામ એપાર્ટમેન્ટ, કદમપલ્લી સોસાયટી, નાનપુરા, **સુરત–395 001)**

**‘સન્ડે ઈ–મહેફીલ’**ના આ **ગઝલ–અંક**ના અતીથી **સંપાદક** અને **સંકલનકાર** સુરતના યુવાગઝલકાર ભાઈ **શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )**નો ખુબ ખુબ આભાર..... **ઉત્તમ ગજ્જર..**

## અને છેલ્લે...

### ચાંદરણાં

–રતીલાલ 'અનીલ'

- પાણીને પોતાનામાં તરવાનું મન થયું ને તે બરફ થયું.
- માથું સલામત રહે તો દીવાસળી પણ સલામત રહે.
- દીવાસળી માથું ગુમાવે છે ત્યારે શરીર પણ ગુમાવે છે.
- માણસ પોતાના પરસેવાની કમાણી સાબુને આપી દે છે.
- ભમરડો ઉભો રહેવા માટે ચક્કરે ચડે છે.
- અસમાન ઘરો પણ સમાન ઈંટોથી જ ચણાય છે.
- માટલાંનો ભાગાકાર કરે, તે ઠીકરાંનો સરવાળો કરે.
- કોલસા લાલ આંખ કરે તો જ રસોઈ પાકે.
- આખી જીન્દગી કારમાં ન બેઠેલો એમ્બ્યુલન્સમાં જાય છે.
- ઈન્જેક્શનનું પહેલું ટીપું હવા માટે હોય છે.
- સૌરાષ્ટ્રમાં ભાભા તો ઘણા છે; પણ અણુ–રીએક્ટર એકે નથી.
- દીલ્હીમાં માત્ર રંધાય જ નહીં; બફાય પણ ખરું.
- પહેલાં 'ઢોરવૈતરું' કરતો માણસ આજે 'યંત્રવૈતરું' કરે છે.
- ઉંઘ પણ ક્યારેક દીવસપાળી કરે છે.
- સમય બરબાદ કરો, બીજું બધું આપોઆપ બરબાદ થવા માંડશે.
- દરેક ગૃહીણી ઝાડુ મારવા જેટલી તો આક્રમક હોય જ છે.
- ગેસ્ટ હાઉસનાં બીછાનાં નહીં; પોઢનારા બદલાય.
- ટ્રેન મોડી આવે તે સમાચાર અને સમયસર આવે તે અકસ્માત કહેવાય.

સાભાર પ્રેષકઃ જયેશ જરીવાળા – jayeshjari@gmail.com

વેબ સાઈટ http://ratilalanil.tripod.com

♦●♦●♦●♦